GJVD020071832024

:: આંક–૨૫ તથા ૨૭ (ઓર્ડર –૭ રૂલ–૧૧ મુજબ)નીં અરજી નીચે હુકમ ::

(૧) સદર કામે વાદી ધ્વારા આંક–૦૧ થી દાવા અરજી રજુ કરેલ છે તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર દાવાવાળી મિલકત રજી.ડી.વડોદરા સબ ડી. વડોદરાના મોજે તાંદલજા તા. વડોદરાના રે.સ.નં.૩૩૨ પૈકી ૧, કુલ ક્ષેત્રફળ હે. ૦–૯૬–૧૧ ચો.મી. તથા ફા.પ્લોટ મુજબનુ માપ ૫૭૬૭ ચો. મીટર વાળી જમીન જેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પુર્વે :– લાગુ રે.સ.નં. ૩૩૨ પૈકી ૨ વાળી જમીન આવેલી છે.

પશ્ચીમે :– ૨૪ મીટરનો પહોળો રોડ છે.

ઉત્તરે :– ૨૪ મીટરનો પહોળો રોડ છે.

દક્ષીણે :– લાગુ રે.સ.નં. ૩૩૦ તથા ૩૩૧ વાળી જમીન આવેલી છે.

તથા મોજે સૈયદવાસણા, રાજાવાડા ફળીયામાં આવેલ મકાન

(જેને હવે પછી સરળતા ખાતર દાવાવાળી મિલ્કત તરીકે સંબોધન કરેલ છે)

વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૧૬ નાઓના વડીલ ગોરધનભાઈ મોતીભાઈ પટેલ હતા. વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૧૬ નાઓ ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સીધી લીટીના કાયદેસરના વારસદારો છે. ગોરધનભાઈ મોતીભાઈ પટેલના પેઢીનામામાં ગોરધનભાઈ મોતીભાઈ પટેલ (મૈ.તા. ૨૭–૭–૧૯૮૯) ના વારસોમાં ઘનશ્યામભાઈ (પુત્ર), લલીતાબેન (પુત્રી), કપીલાબેન (પુત્રી), ઈશ્વરભાઈ (પુત્ર), કલાવતીબેન (પુત્રી), ભુપેન્દ્રભાઈ (પુત્ર), સુરેશભાઈ (પુત્ર) છે. તેઓના ઉપર મુજબના સીધી લીટીના

કાયદેસરના વારસદારો છે. તે પૈકી ધનશ્યામભાઈ, લલીતાબેન, ઈશ્વરભાઈ, સુરેશભાઈ નાઓનુ અવસાન થયેલુ છે તેઓના વારસદારોને દાવાના કામે પ્રતિવાદીઓ તરીકે દાખલ કરેલા છે. મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલની ખેતીની જમીનો મોજે ગામ તાંદલજા, તા.જી વડોદરાના રે.સ.નં. ૩૩૨ પૈકી ૧ જેનો ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ ચો.મી. તથા રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૦–૫૯–૬૯ ચો.મી. છે તથા રાજાવાડા ફળીયામાં રહેઠાણવાળુ એક મકાન આવેલુ છે. સદર કામે ઉપર મુજબના મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલના કાયદેસરના વારસદારો છે અને વાદી ગોરધનભાઈ મોતીભાઈ પટેલના પુત્રી છે, ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સીધીલીટીના કાયદેસરના વારસદાર તરીકે તેઓની તમામ જમીનોમાં તથા મિલકતોમાં વાદીનો વણવહેચાયેલો હિસ્સો સમાયેલો છે. વાદી હિન્દુ ધર્મ પાળતા હોય હિન્દુ વારસાધારાની જોગવાઈઓ મુજબ ગુજરનાર ગોરધનભાઈ મોતીભાઈ પટેલની મિલકતમાં વાદીનો જન્મથી જ કાયદેસરનો વારસાઈ, હકક, હિત હિસ્સો સમાઈ ગયેલો છે અને તે હકકોની રુઈએ આજદિન સુધી દાવાવાળી મિલકતમાં તેમનો હકક હિસ્સો સમાયેલો છે. વાદીનો દાવાવાળી મિલકતોમાં કાયદેસરનો વારસાઈ હકક હિસ્સો હોવા છતાં ગામ દફતરે ફેરફાર નોધ નં. ૧૬૦૫ થી સહભાગીદાર તરીકે અમારા ભાઈઓ પટેલ ધનશ્યામભાઈ ગોરધનભાઈ, પટેલ ઈશ્વરભાઈ ગોરધનભાઈ પટેલ તથા પટેલ ભુપેન્દ્રભાઈ ગોરધનભાઈ અને સુરેશભાઈ ગોરધનભાઈ પટેલનુ નામ સહભાગીદાર તરીકે દાખલ કરવામાં આવેલુ. આમ, પ્રતિવાદીઓની દાનત વર્ષોથી વાદીને મિલકતમા કાંઈ ના મળે તેવી હતી અને તેના ભાગ રૂપે અમારા વડીલ ગોરધનભાઈ મોતીભાઈનુ અવસાન થતાં તેમા વર્ષો સુધી વારસાઈ કરાવેલી નહિ અને સને ૨૦૧૦ ના અરસામાં ગામ દફતરે ફેરફાર નોધ નં. ૩૮૭૧ થી ગોરધનભાઈ મોતીભાઈ પટેલનુ નામ કમી/હકક

કમીથી દુર કરાવેલુ ત્યારે પણ આ કામના પ્રતિવાદીઓએ કાયદેસરની વારસાઈ કરાવવી જોઈ હતી અને તેઓએ તે સમયે પણ વારસાઈ કરાવેલી નહિ અને રેવન્યુ રેકર્ડમાં ગેરકાયદેસર રીતે હકક કમીની નોંધ પડાવેલી વાદી સાચા અને કાયદેસરના વારસદાર હોવા છતાં પ્રથમથી જ મિલકતમાંથી વાદીને કાંઈ ના મળે તેવા પ્રયત્નો આ કામના પ્રતિવાદીઓએ કરેલા.

વધુમાં વાદીનાઓએ જણાવેલ છે કે, વાદીને તેમના ભાઈઓ પિતાની મિલકતમાંથી હકક હિસ્સો આપતા ન હોય તે બાબતે વાદીએ આ કામના પ્રતિવાદીઓ તથા તેઓના વડીલ વિરુધ્ધ મે. વડોદરાના સિવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.મુ.નં. ૧૭૭/૧૨ થી દાવો કરેલો. જે દાવામાં આ કામના પ્રતિવાદીઓએ વાદી સાથે સમાધાન કરેલુ અને તેમા પણ છળકપટ કરેલી. જે તે સમયે રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ અવધ ઈન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢી સાથે મિલકત ડેવલોપ કરવાનુ નક્કી કરેલ હોય જે તે સમયે પ્રતિવાદીઓ તથા તેઓના વડીલોએ વાદીને જણાવેલુ કે, રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી જમીનમાં અવધ આશ્રય એ નામની સ્કીમનુ આયોજન કરેલ હોય પ્રતિવાદીઓ તમોને ડેવલોપ થતી જમીનમા તમારો હકક હિસ્સો આપી દઈએ છે અને તેના પેટે જે તે સમયે વાદીને પ્રતિવાદીઓએ ફકત રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી ડેવલોપ થતી જમીનમાથી પોતાનો હકક હિસ્સો છોડવા બદલ લખાણ કરવા જણાવેલુ અને તે બાબતે વાદીને જે તે સમયે સમાધાન સ્વરૂપે આ કામના પ્રતિવાદીઓએ સમાધાન કરાર ઉપર સહિઓ કરવા કહેલુ જેથી વાદીએ રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી ડેવલોપ થતી જમીનમાથી પોતાનો હકક છોડવા બદલની વાદીએ સમંતિ દર્શાવેલી અને તે બદલ વાદીને રૂા. ૨૦,૦૦,૦૦૦/–આપેલા તથા ડેવલોપ થતી સ્કીમમા વાદીને એક ફ્લેટ આપવાનુ નકકી કરેલુ. તે સમયે વાદીના

ભાઈઓએ વાદીને જણાવેલુ કે, હાલમાં રે.સ.નં. ૩૬૪ વાળી જમીનમાંથી તમોને હિસ્સો આપી દઈએ અને રે.સ.નં. ૩૩૨ પૈકી ૧ વાળી જમીન ભવિષ્યમાં જયારે પણ જમીન વેચાણ કરીશુ અગર તો ડેવલોપ કરીશુ ત્યારે કાયદેસરનો તમારો જે કંઈ હકક હિસ્સો લાગભાગ થાય છે તે પુરેપુરો તમોને આપી દઈશુ જેથી પ્રતિવાદીઓ વાદીના સગા ભાઈ થતા હોય અને તેઓ કદી પણ વાદીનું ખોટુ કરશે નહિ તેથી તેઓની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી વાદીએ રે.મુ.નં. ૧૭૭/૧૨ ના કામે પ્રતિવાદીઓએ તૈયાર કરાવેલ લખાણો ઉપર સહિ સમંતિ આપેલી અને આ કામના પ્રતિવાદીઓ વાદીના સગા ભાઈ થતા હોય તેઓ ઉપર વિશ્વાસ રાખી વાદીએ રે.સ. નં. ૩૬૪ પૈકી ૧ વાળી જમીનમાંથી હકક હિસ્સો છોડી દેવા બદલના લખાણો ઉપર સહિઓ કરેલી. વાદી એ રે.સ.નં. ૩૩૨ પૈકી ૧ વાળી જમીનમાથી કદી પણ પોતાનો હકક છોડેલો ન હતો કે હકક છોડવા બાબતના લખાણો વાદીએ કરી આપેલા ન હતા.

વધુમાં વાદીનાઓએ જણાવેલ છે કે, વાદીના ભાઈઓ પ્રતિવાદીઓએ સ્પે.મુ.નં. ૧૭૭/૧૨ ના કામે સમાધાન વખતે વાદીને જણાવેલુ કે હાલમાં રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી જમીન ડેવલોપ કરવાની કાર્યવાહિ ચાલી રહેલી છે અને તેમા ભાઈઓનુ એકલાનુ નામ ચાલતુ આવેલ છે જેથી તમો આ મિલકતમા કરારદાદ કરી સમાધાન કરી લખાણો કરી આપો, આપણા પિતાની રે.સ. નં. ૩૩૨ પૈકી ૧ વાળી ક્ષેત્રફળ હે.૦-૯૬-૧૧ વાળી જમીનમાં તમારુ નામ દાખલ કરાવી દઈશુ જેથી મિલકતમા તમારો હકક કાયમને માટે પ્રસ્થાપિત થઈ જાય. જેથી વાદીએ પ્રતિવાદીના કથનો ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી કરારદાદમાં સહિ કરેલી. તે સમયે કરારદાદમાં અમારા બીજા બહેન કપીલાબેન ગોરધનભાઈ નાઓએ તથા લલીતાબેન ગોરધનભાઈ

નાઓએ કોઈ સહિ, સંમતિ આપેલી નહિ અને તેઓનો જે તે સમયે કોઈ હિસ્સો નકકી થયેલો નહિ. કપીલાબેન ગોરધનભાઈ પટેલનાએ અગાઉ ફેરફાર નોંધ નં.૩૮૭૧ થી તા.૧૭–૪–૨૦૧૦ ના રોજ ગોરધનભાઈ મોતીભાઈ પટેલનુ નામ કમી કરાવવા બાબતની અન્ય પ્રતિવાદીઓએ જે કાર્યવાહિ કરેલી અને તે નોધ મંજુર કરવામાં આવેલી તે સામે નાયબ કલેકટરશ્રી વડોદરા શહેર સમક્ષ ૫૧/૨૦૧૮ થી અપીલ દાખલ કરેલી જે અપીલના કામે ફેરફાર નોધ નં. ૩૮૭૧ ની નામંજુર કરી તમામ વારસદારોનુ નામ ફરીથી દાખલ કરાવવા અંગેનો હુકમ કરેલો. તે સામે અન્ય પ્રતિવાદીઓએ આરટીએસ અપીલ નં.૫૩૯/૨૦૧૯ થી કલેકટરશ્રી, વડોદરા સમક્ષ અપીલ દાખલ કરેલી તેઓની તે અપીલ કલેકટરશ્રી, વડોદરાનાઓએ નામંજુર કરેલી. તે હુકમ સામે ગુજરાત રાજયના અગ્રસચિવશ્રી સમક્ષ મવિવિ/હકપ/વડદ/૩૧૫/૨૦૨૦ થી અપીલ દાખલ કરેલી જે અપીલમા મહેસુલ વિભાગના સચિવશ્રીએ નિર્ણય કરી તા.૧૪–૭–૨૦૨૨ ના રોજ અપીલ નામંજુર કરવાનો હુકમ કરેલો અને તમામ વારસદારોના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા બાબતે હુકમ ફરમાવેલો. સદરહું કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન આ કામના અન્ય પ્રતિવાદીઓએ વાદીએ અગાઉ જાણે કે આખી મિલકતમાથી હકક છોડી દીધેલ હોય તે રીતે રેવન્યુ રેકર્ડમાંથી વાદીનુ નામ દુર કરાવવા માટે સ્પે.મુ. નં. ૧૭૭/૧૨ ના કામે કરારદાદ રજુ કરી તા. ૨૫–૨–૨૦૨૨ ના રોજ વાદીનુ નામ દુર કરાવવાની નોંધ દાખલ કરાવેલી. જે નોંધ પાછળથી પ્રમાણીત થયેલી છે પરંતુ રેવન્યુ રેકર્ડમાં વાદીનુ નામ અન્ય વારસદારો સાથે ચાલુ રાખવા બાબતે મહેસુલ વિભાગના અગ્રસચિવશ્રીએ તા. ૧૪–૭–૨૦૨૨ ના રોજ હુકમ કરેલો છે. ખરેખર તે હુકમ મુજબ વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમા ચાલુજ રહેવુ જોઈતુ હતુ તેમ છતાં ખોટી રીતે વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમા થી દુર કરાવેલુ છે.

મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે વાદી તથા અન્ય બાકી રહિ ગયેલા સહ હિસ્સેદારોનુ નામ રેવન્યુ રેકર્ડમાં ૭/૧૨ મા દાખલ થઈ ગયેલુ જેથી પ્રતિવાદીઓએ વાદીને વારંવાર સાંત્વન આપેલુ કે, ૭/૧૨ મા તમારુ નામ ચાલે છે તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, જયારે પણ મિલકત વેચાણ કરવાની થશે ત્યારે તમારી સહિ, સમંતિ વિના કશુ થવાનુ નથી જેથી વાદી તે બાબતથી નિશ્ચીત હતા. પરંતુ આ કામના પ્રતિવાદીઓ ની દાનત એકાએક બદલાઈ જતા સને ૨૦૧૨ માં વાદી સાથે ખોટુ કરવાના બદઆશયથી જ તેઓએ ખોટા કરાર/લખાણ કરાવી લીધેલ હોય કે લખાણોના આધારે રેવન્યુ રેકર્ડ માંથી વાદીનુ નામ પ્રતિવાદીઓએ વાદીને કોઈપણ જાતની સમજ આપ્યા વિના કે જાણ કર્યા વિના કમી કરાવેલ છે. ખરેખર વાદીએ કહેવાતા સ્પે.દિ.મુ.નં. ૧૭૭/૧૨ ના દાવા મા રે.સ.નં. ૩૩૨ પૈકી ૧ વાળી જમીનમાંથી કદી પણ વાદીના હકક છોડવા બદલના લખાણો કરી આપેલા નથી કે કદી વાદીએ હકક જતો કરેલો નથી. જેથી પ્રતિવાદીઓએ વાદીની જાણ બહાર રે. સ.નં. ૩૩૨ પૈકી ૧ વાળી જમીનમાથી હકક જતો કર્યા બદલનો સ્પે.મુ.નં. ૧૭૭/૧૨ ના કામે કરારદાદ કરાવી લીધેલ હશે જે કરારદાદના આધારે નામ. કોર્ટે હુકમનામુ દોરી આપેલ હશે જે કરારદાદ તથા હુકમનામુ રદ કરાવવા માટે વાદીએ મે. વડોદરાના સિવિલ જજ સાહેબની કોર્ટમા પરચુરણ કીરકોલ અરજ દાખલ કરેલ છે તથા વિલંબ માફ કરાવવા માટે મુદત માફ અરજ નં. ૧૮૦/૨૦૨૩ થી અરજી કરેલી છે જે કાર્યવાહિઓ હાલમાં ચાલુ છે.

વધુમાં વાદીનાઓએ જણાવેલ છે કે, વાદીના ભાઈઓ પ્રતિવાદી નં.૨ કપીલાબેન ગોરધનભાઈએ જમીનમાંથી હિસ્સો આપતા ન હોય તે કારણોસર કપીલાબેન ગોરધનભાઈ પટેલનાઓએ રે.સુ.નં. ૩૧૭/૧૮ થી મે. વડોદરાના

સિવિલ જજ સાહેબની કોર્ટમાં દાવો દાખલ કરેલો. તે દાવાની કાર્યવાહિ ચાલુ હતી પરંતુ તે દાવાના કામે પ્રતિવાદીઓએ કપીલાબેન સાથે સમાધાન કરેલુ અને તે સમાધાનના ભાગ રુપે રે.સ.નં. ૩૬૪ પૈકી ૧ વાળી જમીનમાંથી જે તે સમયે ડેવલોપ કર્યા બાદ વધેલી ૬૦૦૦ ચો.ફુટ જમીન આ કામના અન્ય પ્રતિવાદીઓએ પ્રતિવાદી નં.૨ કપીલાબેનને આપવાનુ નકકી કરેલુ અને તે મુજબ પ્રતિવાદીઓએ સબ રજી. વડોદરા સમક્ષ ફારગતી લેખ નં. ૩૬૪૧ થી તા. ૨૧–૨–૨૩ ના રોજ કપીલાબેનની તરફેણમા તમામે હકક જતો કરેલો છે તથા તે જ દિવસે એટલે તા.૨૧–૨–૨૩ ના રોજ પ્રતિવાદી નં.૧૭ થી ૧૯ ને જે વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે તે વેચાણ દસ્તાવેજમા તેઓના ભાગમા ૭માં હિસ્સાની રકમ રૂા. ૨,૫૦,૦૦,૦૦૦/– તથા સમજુતી કરાર મુજબની બીજી રકમ આશરે રુા. ૭,૦૦,૦૦,૦૦૦/– જેટલી રકમ પ્રતિવાદી નં.૨ ને અન્ય પ્રતિવાદીઓએ ચુકવેલી છે તથા અન્ય એક બહેન લલીતાબેનના વારસદારોને આશરે રૂ. ૨,૦૦,૦૦,૦૦૦/ જેટલી રકમ ચેકથી તથા એમ.ઓ. યુ. મુજબની વધારાની રકમ ચુકવેલી છે અને આમ વાદી સાથે પ્રતિવાદીઓએ જે તે સમયે છેતરપીડી અને વિશ્વાસધાત કરી એક જમીનમાં કરારદાદ કરવાનુ કહિ બીજી જમીનમાં પણ કરારદાદ કરાવી લઈ કાયદેસરની વહેચણ સ્વરૂપે તથા અમારા હિસ્સા મુજબ યોગ્ય રકમ વાદીને ચુકવેલી ન હતી આમ, જે તે સમયે વાદી સાથે અન્યાય કરેલો છે અને ખોટી રીતે વાદી ગરીબ બાઈ ઈસમ હોય પ્રતિવાદીઓ સામે હકક માંગવાને સક્ષમ ન હોય તે પરીસ્થતિનો ગેરલાભ લઈ તથા પ્રતિવાદી નં.૨ તથા પ્રતિવાદી નં.૩ નાઓ જેઓ ભણેલા ગણેલા અને વિદેશમાં રહેતા હોય તેઓ સાથે તેઓએ સારો સંબધ રાખી તેઓને કાયદેસરનો પુરેપુરો હિસ્સો આપી દીધેલો છે જયારે વાદી સાથે ગેરકાયદેસર રીતે ખોટા લખાણો કરાવી સાચી સમજ નહિ આપી આ

કામના તમામ પ્રતિવાદીઓએ છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલ છે તેથી પણ પ્રતિવાદીઓનુ તેવુ કૃત્ય મુળથી જ ખોટુ અને ગેરકાયદેસરનુ છે. વાદીનું નામ રેવન્યુ રેકર્ડમાંથી દુર કરાવવા માટે ફેરફાર નોધ નં. ૪૬૭૯ થી હુકમ આધારે નોંધ પાડવામાં આવેલી. વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમાંથી દુર કરાવવા માટે તે સામે વાદીએ મે. વડોદરાના નાયબ કલેકટરશ્રી સમક્ષ આરટીએસ અપીલ નં. ૧૧/૨૦૨૩ થી અપીલ દાખલ કરેલી. પરંતુ નાયબ કલેકટરશ્રી વડોદરાનાઓએ અમારી અપીલ નામંજુર કરેલી હોય તેના ઉપર કલેકટરશ્રી વડોદરા સમક્ષ વાદીએ અપીલ દાખલ કરવાની કાર્યવાહિ કરેલી છે. દાવાવાળી મિલકતમાં વાદીનો કાયદેસરનો હકક હોય આ કામના પ્રતિવાદીઓ એકમત થઈ દાવાવાળી મિલકત તબદીલ કરવા પ્રયત્નશીલ થયેલા હોય તેઓએ સૌ પ્રથમ તા. ૨૪–૧–૨૦૨૩ ના રોજ દૈનિક પેપરમા મિલકત વેચાણ કરવા બાબતે જાહેર નોટીસ છપાવેલી તે સામે વાદીએ વકીલ શ્રી મુકેશ બી.શાહને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ નહિ આપવા વાંધા નોંધાવેલા તથા પ્રતિવાદી નં.૧ થી ૧૬ નાઓને આ જમીન બાબતે વિસ્તારમા પુછતા તેઓએ વાદીને સાંત્વન આપેલુ કે મિલકતમા તમારો જે કંઈ હિસ્સો છે તે તમોને મળી જશે તમો અત્યારે કોઈ કાર્યવાહિ કરશો નહિ. ત્યારબાદ થોડા સમય બાદ વાદીને જાણવા મળેલુ કે, તા.૨૧–૨–૨૦૨૩ ના રોજ આ કામના તમામ પ્રતિવાદીઓ ભેગા મળી રજી. વેચાણ દસ્તાવેજ કરી દીધેલો. જેથી વાદીએ ફરીથી પ્રતિવાદીઓને તે બાબતે રુબરુમા તથા ફોન ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલુ કે, વાદીએ વેચાણ દસ્તાવેજ કરી દીધેલો છે. લાખ બે લાખ જોઈતા હોય તો લઈ જાવ, બાકી કશુ મળવાનુ નથી. વાદીએ તમારી પાસે વર્ષો પહેલા લખાણો કરાવી લીધેલા છે, હવે તમારાથી કશુ થવાનુ નથી. જેથી વાદીએ પ્રતિવાદીઓને વિનંતી પુર્વક જણાવેલુ કે, તમોએ અન્ય બહેનોને જે હિસ્સો

આપેલો છે તે મુજબનો હિસ્સો અમોને આપી દો, જેથી અમે કોઈ તકરાર કરીશુ નહિ ત્યારે પ્રતિવાદીઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને વાદીને જણાવેલુ કે, તમોને કોઈ હકક મળવાનો નથી, તમારે જે કરવુ હોય તો તે કરો, કોર્ટમાં જઈ દાવો કરવાનુ હોય દાવો કરો અને તમારો હિસ્સો મેળવી લો. જેથી પ્રતિવાદીઓએ અમારો હિસ્સો આપવા સ્પષ્ટ ઈન્કાર કરેલો. તેથી નાછુટકે અને નાઈલાજે વાદીએ અમારા હકકોના રક્ષણ માટે તથા દાવાવાળી મિલકતમા ગુજરનાર ગોરધનભાઈ મોતીભાઈ પટેલના વારસદાર તરીકે વાદીનો વણવહેચાયેલો હિસ્સો છે તેવુ ઠરાવી લેવા માટે તથા દાવાવાળી મિલકતની વહેચણી જેના તેના હિસ્સે આવતી મિલકત વાદી સહિત જે તે વ્યકિતને સુપ્રત કરવા અંગેનુ હુકમનામુ મેળવવા માટે પણ હાલનો આ દાવો કાયદાકીય સલાહ મેળવી દાખલ કરવાની ફરજ પડેલી છે.

વધુમાં જણાવેલ છે કે, ઉપર મુજબની પરીસ્થિતિ હોવા છતાં વાદીનો દાવાવાળી મિલકતમાં કાયદેસરનો લાગભાગ, હકક, હિત સબંધ તથા હિસ્સો સમાયેલો હોવા છતાં વાદીના પિતા ગોરધનભાઈ મોતીભાઈ પટેલની મિલકત અંગે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૬ કે જેઓ વાદીના ભાઈઓ તથા ભત્રીજાઓ થાય છે તેઓએ વાદીનો હકક, હિસ્સો ડુબાડવાના બદઆશયથી વાદીની કોઈપણ જાતની સંમતિ લીધા વિના રે.સ.નં. ૩૩૨/૧ ક્ષેત્રફળ હે. ૦–૯૬–૧૧ ચો.મી. વાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૧૭ થી ૧૯ નાઓ ગેરકાયદેસર રીતે રૂા.૧૮,૭૦,૦૦,૦૦૦/ (અંકે રૂપિયા અઠાર કરોડ સીત્તેર લાખ પુરા) માં રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૬૩૯/૨૦૨૩ થી તબદીલ કરી દીધેલ છે. તે તબદીલીની કાર્યવાહિ મુળથી જ ખોટી, ગેરકાયદેસરની તથા વાદીના હકક, હિત, હિસ્સા વિરુધ્ધની હોય તે વેચાણ દસ્તાવેજ મુળથી જ ખોટો, ગેરકાયદેસર, નિરર્થક અને રદબાતલ છે તેવુ ઠરાવી લેવા માટે

તાત્કાલીક ધોરણે વાદીએ આ દાવો દાખલ કરવાની ફરજ પડેલી છે. આ કામના પ્રતિવાદી નં. ૧૭ થી ૧૯ નાઓ મોટા બિલ્ડર છે અને તેઓની ઘણી મોટી પહોચ છે તેઓ ધાર્યુ કરે તેમ છે અને આ દાવાવાળી મિલકત અન્ય ગમે તે વ્યકિતને તબદીલ કરે અગર તો તેમા બાંધકામ અંગેના ઘણા મોટા ફેરફાર કરી દે તેવી પણ શકયતાઓ રહેલી છે. તેથી વાદીના હકકો કાયમને માટે મટી જાય તેમ છે માટે પ્રતિવાદીઓને તેમ કરતા રોકવા આ તબકકે ખુબજ આવશ્યક અને જરૂરી છે તેથી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમાં કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહિ કે મિલકત અન્ય કોઈપણ વ્યકિતને તબદીલ કરે કરાવે નહિ કે દાવાવાળી મિલકતમાં બાંધકામ અંગેની પ્રવૃત્તી કરે કરાવે નહિ અગર તો દાવાવાળી મિલકતનુ કાયમી સ્વરુપ બદલાઈ જાય તે અંગેની કોઈપણ જાતની કાર્યવાહિ કરે કરાવે નહિ તે મતલબનો કાયમી મનાઈ હુકમ મેળવવા પણ આ દાવો કરવાની ફરજ પડેલી છે. હાલનો આ દાવો ગુજરનાર ગોરધનભાઈ મોતીભાઈ પટેલની જમીન રે.સ.નં. ૩૩૨ પૈકી ૧ તથા મકાન માથી વાદીને હિસ્સો આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૬ નાઓએ આપ્યો નહિ ત્યારે તથા તા. ૨૫-૨-૨૦૨૨ ના રોજ જમીનમાંથી વાદીનુ નામ દુર કરાવ્યુ જે અંગેની જાણ વાદીને થતા પ્રતિવાદીઓને તે બાબતથી વાદીએ વાકેફ કરી વાદીને હિસ્સો આપી દેવા જણાવ્યુ ત્યારે તથા છેલ્લા તા.૨૪-૧-૨૦૨૩ ના રોજ દૈનિક પેપરમાં જાહેર નોટીસ છપાવી, દાવાવાળી મિલકત વેચાણ કરવા બાબતે તજવીજ કરી ત્યારે તથા વાદીએ તે બાબતે વકીલશ્રી મુકેશ બી. શાહ નાઓને વાંધો નોધાવી અમારો હકક હિસ્સો છે તેવુ જણાવ્યુ ત્યારે તથા તા. ૨૧-૨-૨૦૨૩ ના રોજ દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ નોંધણી કરાવ્યો ત્યારે તથા ત્યારબાદ પણ અમારો હિસ્સો આપી દેવા પ્રતિવાદીઓને રુબરુમા મળી જણાવ્યુ ત્યારે તથા ત્યારબાદ વાદીના હિસ્સે

આવતી મિલકતની રકમ આપવા ઈન્કાર કર્યો ત્યારે તથા ત્યારબાદ રોજેરોજ ના. કોર્ટની હુકમતમાં ઉત્પન્ન થયેલુ છે.

સદર દાવાના કામે વાદીનાઓએ સબબ દાદ માંગેલ છે જે નીચે મુજબ છે. (એ) દાવાના પેરા–૧૩ માં વર્ણન કરેલ મિલકતમા ગુજરનાર ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે વાદીનો કાયદેસરનો વારસાઈ હકક હિસ્સો સમાયેલો છે તેવુ ઠરાવી આપશોજી તથા આ કામના પ્રતિવાદી નં.૧૭થી ૧૯ નાઓએ તેઓએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ આધારે વાદીના હકક હિસ્સા પુરતી મિલકતમાં કોઈપણ જાતનો કાયદેસરનો હકક કે અધીકાર પ્રાપ્ત થતો નથી તેવુ ઠરાવી આપશોજી. (બી) દાવાના પેરા–૧૩ માં વર્ણન કરેલ મિલકત અંગે આ કામના પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામા તા.૨૧–૨–૨૦૨૩ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૬૩૯ થી રૂા.૧૮,૭૦,૦૦,૦૦૦/– મા જે વેચાણ દસ્તાવેજ કરેલો છે તે વેચાણ દસ્તાવેજ મુળથી ખોટો, ગેરકાયદેસરનો, બીન અવેજી, બીનઅમલી અને નિરર્થક અને રદબાતલ છે તેવુ ઠરાવી આપશોજી. (સી) વૈકલ્પીક રીતે જો ના. કોર્ટ એવા તારણ પર આવે કે, દાવાવાળી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ રદ કરવો શકય નથી તેવા સંજોગોમાં દાવાવાળી મિલકત અંગેની બજાર કિંમત મુજબ વાદીના હિસ્સે આવતી રકમ તમામ પ્રતિવાદીઓ પાસેથી વાદીને અપાવવા અંગેનુ બજવણી લાયક હુકમનામુ કરી આપશોજી. (ડી) આ કામના પ્રતિવાદીઓએ અંદરો અંદર એક બીજાના મેળાપીપણામા કરેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૬૩૯/૨૩ નો આધાર લઈ પ્રતિવાદીઓને દાવાવાળી મિલકત અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, એસાઈન કરવા કે અન્ય કોઈ રીતે તબદીલ કરવા કે દાવાવાળી મિલકતમાં બાંધકામ અંગેની કોઈપણ જાતની કાર્યવાહિ કરવા કોઈપણ જાતનો હકક કે

અધીકાર નથી તેવુ ઠરાવી આપશોજી તથા તે મલતબનો કાયમી મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવશોજી. (ઈ) ઉપર જણાવ્યા મુજબ રજી. વેચાણ દસ્તાવેજ રદ કરી ત્યારબાદ દાવાવાળી મિલકતની વહેંચણી કરી વાદીનો હિસ્સો નકકી કરી અમારો હિસ્સો છુટો કરી આપવા અંગેનો હુકમનામુ કરી આપશોજી (એફ) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી આપશોજી. આમ, ન્યાયની હરકોઇ દાદ અપાવવા વિનંતી કરેલ છે.

(૧.૨) વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ–

અનુ. નં.	આંક	વિગત	તારીખ
૧	૪/૧	સ્પે.મુ.નં. ૧૭૭/૧૨ ના દાવા અરજીની નકલ	૧૬–૦૩–૧૨
૨	૪/૨	સ્પે.મુ.નં. ૧૭૭/ ૧૨ ના કરારદાદની નકલ	૩૦–૦૩–૧૨
૩	૪/૩	રે.મુ.નં. ૩૧૭/૧૮ ની દાવા અરજીની નકલ	૨૩–૦૫–૧૭
૪	૪/૪	દાવાવાળી જમીનના ૭/૧૨ ની નકલ	–
૫	૪/૫	હકક પત્રકની નોધ નં. ૪૬૭૯ ની નકલ	૨૫–૦૨–૨૨
૬	૪/૬	મહેસુલ વિભાગના કેસ નં. ૩૧૫/૨૦ ના હુકમની નકલ	૧૪–૦૭–૨૨
૭	૪/૭	આરટીએસ કેસ નં. ૧૧/૨૩ ની નકલ	૦૩–૦૬–૨૩
૮	૪/૮	જાહેર નોટીસની નકલ	–
૯	૪/૯	જાહેર નોટીસ સામે નોધાવેલ વાંધાનો આપેલ વકીલશ્રી એમ.બી. શાહ નાઓએ ખુલાસાની નકલ	૨૮–૦૨–૨૩
૧૦	૪/૧૦	મુદત માફ અરજ નં. ૧૮૦/૨૩ ની નકલ	૦૦–૦૫–૨૩
૧૧	૪/૧૧	રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૬૩૯/૨૩ ની નકલ	૨૧–૦૨–૨૩

(૨) પ્રતિવાદી નં-૧૭ થી ૧૯ ધ્વારા આંક-૨૫ થી સી.પી.સી. ઓર્ડર-૭,રૂલ-૧૧(એ),(ડી) મુજબનીં અરજી રજુ કરેલ છે જેનીં ટુંકમાં હકિકત એવી છે કે, વાદી ધ્વારા હાલનો દાવો દસ્તાવેજ રદ કરવા, જ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ માટે દાખલ કરેલ છે જેમાં વાદી ધ્વારા પરોક્ષ રીતે સમાધાન કરારથી થયેલ હુકમનામાનેં પડકારેલ છે. વાદી ધ્વારા અગાઉ સ્પે.દિ.મુ.નં-૧૭૭/૨૦૧૨ નોં દાવો તેણીનાં પરીવાર નાં સભ્યો સામે દાખલ કરેલ અનેં તે દાવો પેન્ડિંગ હતો ત્યારે તેમાં દરેક પક્ષકારે સ્વેચ્છાએ સમાધાન કરેલ અનેં તા.૩૦/૦૩/૨૦૧૨ માં સમાધાન કરારનીં શરતો કબુલ રાખતાં નામ. કોર્ટ ધ્વારા સમાધાન હુકમનામું કરવામાં આવેલ. વાદી ધ્વારા સદર સમાધાન હુકમનામાનેં પરચુરણ દિવાની અરજી નં-૧૮૦/૨૦૨૩ થી પડકારેલ છે અનેં જે પેન્ડિંગ છે. જેથી સી.પી.સી ઓર્ડર-૨૩, રૂલ-૩(એ) મુજબ સમાધાનથી થયેલ હુકમનામાનેં માત્ર તે અદાલતમાં પડકારી શકાય છે અનેં તે અંગે અલગથી દાવો કરવા પર કાયદાનોં બાધ છે. તેમ છતાં વાદી ધ્વારા ચતુરાઈપૂર્વકનાં ડ્રાફ્ટીંગ ધ્વારા આભાસી કારણ ઉભું કરી હાલનોં દાવો કરેલ છે જે કાયદાનીં પ્રક્રિયાનોં દુરઉપયોગ છે. પ્રતિવાદી નં-૧૭ થી ૧૯ નાઓ બોનાફાઈડ પરચેઝર છે અનેં તેમણેં રેવન્યુ રેકર્ડ તથા ટાઈટલનીં ખરાઈ કરી મિલ્કત ખરીદ કરેલ છે. જેથી વાદીનેં દાવો કરવા કાયદેસર કારણ ઉપસ્થિત થતું નથી અનેં દાવા અરજીનેં કાયદાનોં બાધ નડતો હોય રીજેકટ કરવા અરજ ગુજારેલ છે.

(૨.૧) પ્રતિવાદી નંબર - ૧, ૪, ૭, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ તરફે હાલની અરજી સી.પી.સી. ઓર્ડર-૭,રૂલ-૧૧(ડી) મુજબનીં અરજી રજુ કરેલ છે જેનીં ટુંકમાં હકિકત એવી છે કે, વાદીએ રૂા.૧૮,૭૦,૦૦,૦૦૦/- ના આંકથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૩૬૩૯/૨૦૨૩ રદ બાતલ

ઠરાવવા તથા જ્ઞાપન, હકક સ્થાપન તેમજ કાયમી તાકીદ મેળવવા બાબતનો દાવો દાખલ કરેલો છે. દાવો આ કામના વાદી કે જેઓએ ગોરધનભાઈ મોતીભાઈ પટેલના સીધી લીટીના વારસદાર હોય તેઓએ મોજે ગામ તાંદલજા, તા.જી. વડોદરાના રે.સ.નંબર : ૩૩૨ પૈકી ૧ જેનું ક્ષેત્રફળ : ૦–૯૬–૧૧ ચો.મી. તથા રે.સ. નંબર : ૩૬૪ પૈકી જેનું ક્ષેત્રફળ : ૦–૫૯–૬૯ ચો.મી. છે તથા રાજાવાડા ફળીયામાં રહેઠાણનું એક મકાન આવેલુ છે. આ તમામ મિલકત મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલનાઓની માલીકીની આવેલ. દાવો આ કામના વાદીએ પોતાની દાવા અરજના પેરા. ૪ માં જણાવેલ છે કે વાદીએ પોતે જ મે. વડોદરાના સિવિલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં સ્પે.મુ.નંબર : ૧૭૭/૨૦૧૨ થી દાવો દાખલ કરેલો. જે દાવાના કામે હાલના પ્રતિવાદીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય સદર મિલકતમાં વાદીનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, અધીકાર કે ભાગ રહેશે નહિ તેવુ કરારદાદના આધારે નકકી થયેલુ છે. જેથી, પ્રતિવાદીઓ હાલની અરજ આપી જણાવીએ છીએ કે, સી.પી.સી. ઓર્ડર–૭ રુલ : ૧૧ માં જણાવ્યા મુજબ દાવો રદ કરવો અત્યંત જરુરી હોય એટલે કે દાવા અરજમાં જણાવ્યા મુજબ ઓર્ડર : ૨૩, રુલ : ૩(એ) મુજબ સદર દાવો ચલાવવાનો બાધ નડે છે એટલે કે, જે સમાધાન ઉપર હુકમનામુ આધાર રાખતુ હોય તે સમાધાન કાયદેસર મળતુ હોય તેવા કારણે હુકમનામુ રદ કરવા માટે કોઈ દાવો થઈ શકશે નહિ.

આમ, ઉપરોકત હકીકતને ધ્યાને લેવામાં આવે તો આ કામના વાદીને સદર દાવો કરવાનો કોઈપણ જાતનો કાયદેસરનો હકક કે અધીકાર હતો નહિ. કારણ કે, વાદીએ સદરહુ જમીનમાં મે. વડોદરાના સિવિલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં સ્પે.મુ.નંબર : ૧૭૭/૨૦૧૨ ના કામે સદર જમીનમાંથી કરારદાદના આધારે પોતાનો હકક જતો કરેલો હોય અને સદર કરારદાદમાં

જણાવ્યા મુજબ તેઓએ પ્રતિવાદીઓ સાથે સમાધાન કરેલ હોય જેથી પ્રતિવાદીઓ સદરહુ જમીનમાં કાયદેસરનો માલીકી હકક, અધીકાર ધરાવતા હોય જેથી સદરહુ દાવા વિષયક દસ્તાવેજમાં જણાવેલ જમીનના પ્રતિવાદીઓ સ્વતંત્ર રીતે વ્યવહાર કરવા હકકદાર છે. પ્રતિવાદી જણાવીએ છીએ કે, વાદીએ તારીખ : ૩૦/૩/૨૦૧૨ ના રોજ મે. વડોદરાના સિવિલજજ (સી.ડી.) (શ્રી કે.જે.દરજી) સાહેબની કોર્ટ સમક્ષ રુબરુમાં આ કામના વાદી તથા પ્રતિવાદીએ હાજર રહી કરારદાદ રજુ કરેલ છે જે કરારદાદ ધ્યાને લઈએ તો આ કામના વાદીએ સદર દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના નામ દાખલ થયેલા છે તે વાદીને કબુલ, મંજુર રહેશે તેવુ આ કામના વાદીએ નામદાર કોર્ટ સમક્ષ કબુલ કરેલ છે અને સદર કરારદાદના આધારે નામદાર કોર્ટે તારીખ : ૧૪/૫/૨૦૧૨ ના રોજ હુકમનામુ એટલે કે ડીક્રી કરી આપેલ છે. આમ, સદર કરારદાદના આધારે નામદાર કોર્ટની ડીક્રીના આધારે આ કામના વાદીએ હાલના દાવામાં જે દસ્તાવેજમાં જણાવેલ મિલકત અંગે તકરાર ઉભી કરેલ છે તે મિલકતમાં તેઓનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિસ્સો ન હોવા છતાં પણ તદ્દન ખોટી રીતે દાવો કરેલો છે જે દાવો રદ થવા પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સદર કરારદાદ તથા હુકમનામુ રદ કરવા માટે મે. વડોદરાના સિવિલજજ (સી.ડી.)સાહેબની કોર્ટમાં મુદત માફ અરજ નં.૧૮૦/૨૦૨૩ થી કરેલ છે જે ન્યાય નિર્ણય માટે પેન્ડીગ હોય પરંતુ, પ્રતિવાદી જણાવીએ છીએ કે જયાં સુધી વાદીનો સદર જમીનમાં કોઈ હકક, હિત કે હિસ્સો સમાયેલો ન હોય તો તેવા સંજોગોમાં વાદીને હાલનો દાવો દાખલ કરવા કોઈ લોકલ સ્ટેન્ડન્સી ઉભી થતી નથી જેથી હાલના દાવામાં વાદીનું કોઈ અસ્તિત્વ નથી કારણ કે જયાં સુધી નામદાર કોર્ટ મુદત માફ અરજ નંબર : ૧૮૦/૨૦૨૩ માં જે નિર્ણય આવે તેના ઉપર જ આ કામના વાદીને

આધાર રહે છે. પરંતુ, આવો કોઈ હુકમ આજદીન સુધી થયેલો ન હોય તો સદરહુ દાવો કરવાનો વાદીને કોઈ અધીકાર રહેતો નથી. આ કામના વાદીએ મે. વડોદરાના સિવિલ જજ (સી.ડી.)સાહેબની કોર્ટમાં સ્પે.મુ.નંબર : ૧૭૭/૨૦૧૨ ના કામે થયેલ કરારદાદ આધારે નામદાર કોર્ટે જે હુકમનામુ કરેલ છે તે હુકમનામા મુજબ પ્રતિવાદીઓએ આ કામના વાદીને તેઓનો હકક, હિસ્સો આપેલો છે પરંતુ, આ કામના વાદી તથા તેઓના પુત્રને પહેલેથી જ વધુ નાણાં પડાવવાનો ઈરાદો ધરાવતા હોય વાદીના પુત્રએ એટલે કે નિલેશ જયંતિભાઈ પટેલનાઓએ મે. વડોદરાના સિવિલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં રે.મુ.નંબર : ૩૦૬/૨૦૧૮ થી સ્પે. મુ.નંબર : ૧૭૭/૨૦૧૨ ના કામે થયેલ હુકમ તથા હુકમનામુ રદ કરાવવા અંગેનો દાવો પણ તારીખ : ૧૨/૫/૨૦૧૮ના રોજ દાખલ કરેલ હતો. જે દાવામાં પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ સમક્ષ હાજર થઈ અમારા વકીલશ્રી મારફતે આંક : ૧૮ થી સી.પી.સી.ઓર્ડર : ૭ કુલ : ૧૧ મુજબ અરજ દાખલ કરેલ જે અરજનાં કામે આંક : ૧૮ થી તારીખ : ૧૨/૪/૨૦૧૯ ના રોજ અરજ મંજુર કરી દાવો રદ કરેલ હતો. જેથી પણ સદરહુ હકીકત આ કામના વાદીએ હાલના દાવામાં છુપાવેલી હોય જેથી પણ આ કામના વાદી નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલા ન હોય સપ્રેશન ઓફ ફેકટસ કરેલ હોય જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. આમ, પ્રતિવાદીઓ સદર દાવા વિષયક જમીનમાં માલીકી હકકો ધરાવતા આવેલા છે અને આ કામના વાદીએ વર્ષ–૨૦૧૨ માં નામદાર કોર્ટ રુબરુ કરારદાદ કરી સદર જમીનમાંથી તેઓનો હકક, હિસ્સો પ્રતિવાદીઓના લાભમાં જતો કરેલો છે તે હકીકત નામદાર કોર્ટ સમક્ષ કબુલ રાખેલ છે જેથી પ્રતિવાદીઓ વ્યવહાર કરવા કાયદેસર રીતે હકકદાર બનેલા છે અને સને ૨૦૨૪ ના વર્ષમાં પોતાનો માલીકી હકક ધરાવતા હોય દાવો દાખલ

કરેલ છે પરંતુ સદર દાવાવાળી જમીનમાં આ કામના વાદીનો કોઈ કાયદેસરનો હકક કે અધીકાર જ ન હોય તદ્દન ખોટી રીતે નાણાં પડાવવાના બદઈરાદાથી જ હાલનો દાવો દાખલ કરેલ હોય અને તે સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ અને મીસ લીડીંગના કારણોસર દાવો દાખલ કરેલો છે જે આ કામનાં વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના વાદીઓએ પોતાના દાવાના કારણમાં કોઈ કાયદેસરનું સચોટ કારણ જણાવેલુ ન હોય અને તદ્દન મનઘઢત, ખોટુ અને ઉપજાવી કાઢેલુ કારણ દર્શાવી સદર દાવો આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ કરેલો હોય જે વાદીઓનો દાવો ચાલી શકે તેમ ન હોય તે દાવો રદ કરવાથી જ ન્યાયનો હેતુ સચવાય તેમ છે. સદરહુ દાવો દાખલ કરવાનું કારણ આ કામના વાદીઓને કઈ તારીખ અને કયા વર્ષમાં ઉત્પન્ન થયેલ હોય તેનો ઉલ્લેખ આ કામના વાદીઓએ જાણી જોઈને બદઈરાદાપુર્વક દર્શાવેલ ન હોય અને તેમ કરી પોતાના સમય મર્યાદા બહારના દાવાને તદન ખોટી અને ગેર કાયદેસર રીતે સમય મર્યાદામાં લાવવાનો મલિન પ્રયત્ન કરેલ હોય તેથી પણ આ કામના વાદીઓનો દાવો રદ કરવાથી જ ન્યાયનો હેતુ સચવાય તેમ છે. નામદાર વડી અદાલતોનાં ચુકાદાઓને ધ્યાને લેવામાં આવે તો અમો પ્રતિવાદીઓની અરજ સી.પી.સી.ઓર્ડર : રુલ : ૧૧ ની અરજ મંજુર રાખી આ કામના વાદીનો દાવો રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) સદરહુ અરજી હકીકતના અનુસંધાને રેકર્ડ પરની હકીકત ધ્યાને લીધી તેમજ સાંભળ્યા અને બંને પક્ષોની વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી. પ્રતિવાદી નં-૧૭ થી ૧૯ તરફે વિ.વ.શ્રી ધ્વારા દલીલનાં સમર્થનમાં આંક-૪૫ થી ચુકાદાઓ પર આધાર રાખેલ છે જે નીચે મુજબ છે.

- Sree Surya Developers and Promoters Vs. N.Sailesh Prasad with Raja Pushpa Properties Pvt. Ltd. Vs. N.Sailesh Prasad, 2022(0) AIJEL-SC 68357
- Sakina Sultanali Sunesara (Momin) Vs. Shia Imami Ismaili Momin Jamat Samaj, 2025(0) AIJEL-SC 75165

(૪) રેકર્ડ પરનાં પ્લીડીંગ અનેં દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. વાદીઓની દાવા અરજી તથા પ્રતિવાદીઓની હાલની અરજી અન્વયે નીચે મુજબનોં મુદદો ઉપસ્થિત થાય છે.

મુદ્દો :- શું વાદીની દાવા અરજીનેં સી.પી.સી. ઓર્ડર–૭, રુલ–૧૧ (એ) અનેં (ડી)મુજબ દાવા અરજીનું વાસ્તવીક કાયદેસર કારણ ઉપસ્થિત થતું ન હોય તથા દાવા અરજીનેં કાયદાનાં પ્રબંધોનોં બાધ નડતો હોય રીજેકટ થવાનેં પાત્ર છે ?

જવાબ :- હકારમાં.

(૫) ઉપરોકત મુદ્દા અન્વયેના કારણો તથા મુલ્યાંકન નીચે મુજબ છે.

(૫.૧) સદર કારણો તથા મુલ્યાંકન સબબ કાયદાના પ્રબંધો અત્રે ટાંકવા જરુરી હોઈ, જે નીચે મુજબ છે.

"Rejection of plaint. Order 7 Rule 11.

The plaint shall be rejected in the following cases:-

(a) where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on

being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;
(d) where the suit appears from the statement in the plaint to be barred by any law;
[(e) where it is not filed in duplicate;
[(f) where the plaintiff fails to comply with the provisions of rule 9]] [Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-papers shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature from correcting the valuation or supplying the requisite stamp-papers, as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.]"

(૫.૨) દિવાની કાર્યરિતિ સંહિતા–૧૯૦૮ ના ઓર્ડર–૭ રુલ–૧૧ ના નિર્ણય સમયે વાદી તરફે રજુ દાવા અરજીમાં દર્શાવ્યા મુજબની સમગ્ર હકિકતો તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા જ ધ્યાને લઈ શકાય તે પ્રસ્થાપિત સિધ્ધાંત નેકલક્ષમાં લઈ વાદી તરફે રજુ દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો, વાદીએ એવી હકિકત દર્શાવેલ છે કે વાદીનાં પિતા ગોરધનભાઈ મોતીભાઈ પટેલનું અવસાન તા.૨૭/૦૭/૧૯૮૯ નાં રોજ થયેલ છે અનેં વાદી ધ્વારા અગાઉ વડોદરાનાં મહે. સિનિયર સિવિલ જજ સાહેબશ્રી સમક્ષ સ્પે.દિ.મુ.નં–૧૭૭/૨૦૧૨ થી તા. ૧૬/૦૩/૨૦૧૨ નાં રોજ દાવો કરેલ જે નિ.૪/૧ થી રજુ છે. જે દાવામાં વાદીએ વડોદરાનાં મોજે ગામ તાંદલજાનાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧ જેનું ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ અનેં બીજી જમીન રે.સ.નં–૩૬૪ પૈકી ૧ કે જેનું ક્ષેત્રફળ ૦–૫૯–૬૯ છે તે બંને જમીનો દાવાવાળી મિલ્કત તરીકે દર્શાવેલ હતી. સદર નિ.૪/૧ થી રજુ દાવા અરજી

ધ્યાનેં લેવામાં આવે તો તે હાલની દાવાવાળી મિલ્કત વડોદરાનાં મોજે ગામ તાંદલજાનાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧ જેનું ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ વાળી જ છે. જેથી વાદીએ હાલનાં દાવામાં જે ખેતીની જમીનમાં પોતાનોં વારસાઈ હકક હોવાનું કથન કરેલ તે અંગે અગાઉ દાવો કરેલ અનેં તેમાં કરારદાદ થી હુકમનામું થયેલ છે. વાદી ધ્વારા રજુ નિ.૪/૨ કે જે સ્પે. દિ.મુ.નં–૧૭૭/૧૨ નાં દાવાનાં કામે આંક–૧૫ થી કરારદાદ આપેલ તે તથા તેની નીચેનાં હુકમની નકલ છે. સદર કરારદાદ વંચાણે લેવામાં આવે તો તેમાં શરત નં–૪ માં લખેલ છે કે, *"ઉપરોકત પેરા–૧ માં વર્ણવેલ મોજે તાંદલજા નાં રે.સ.નં.૩૩૨ પૈકી ૧ વાળી ૦–૯૬–૧૧ તથા રે.સ.નં–૩૬૪ પૈકી ૧ વાળી ૦–૫૯–૬૯ વાળી મિલ્કતમાં અમો વાદીએ સ્વૈચ્છીક રીતે મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલની પુત્રી તરીકેનાં વારસાઈ હકક સ્વૈચ્છીક રીતે જતા કરેલ હોવાથી, તથા હિંદુ સકસેશન એકટની જોગવાઈઓ મુજબ મૈ. ગોરધનભાઈ મોતીભાઈ પટેલ અવસાન કે જે તા.૨૭/૦૭/૮૯ નાં થયેલ હોવાથી તે સમયનાં હિંદુ સકસેશન એકટ મુજબ અમો વાદીનાં પુત્રી તરીકે વારસાઈ હકક પ્રાપ્ત ન હોવાથી પણ અમો સદર મિલ્કતમાં વારસાઈ હકક અન્વયે હકક, અધિકાર સ્વૈચ્છીક રીતે કરતા ન હોવાથી, મોજે તાંદલજા નાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧ વાળી ૦–૯૬–૧૧ તથા રે.સ.નં–૩૬૪ પૈકી ૧ ૦–૫૯–૬૯ વાળી મિલ્કતમાં અમો વાદીનોં હકક, હિત, સબંધ ન હોવા અન્વયેની ડેકલેરેશન સ્વરૂપની દાદ અંગેનું બજવણીલાયક હુકમનામું ફરમાવવા મહે. થશે."*

(૫.૩) વધુમાં નિ.૪/૨ ની કરારદાદની શરત નં–૫ માં એવો ઉલ્લેખ કરેલ છે કે વાદીએ રૂ.૨૦ લાખ સ્વૈચ્છીક રીતે સ્વીકારેલ છે તથા અવધ

આશ્રય એ નામની સ્કીમાં ફ્લેટ નં–ડી.૧૦૩ નોં વેંચાણ દસ્તાવેજ વાદીની તરફેણમાં કરી આપવાનું નકકી થયેલ છે. સદર કરારદાદ તળે તા.૦૪/૦૪/૨૦૧૨ નાં રોજ મહે. ૩જા એડી. સિનિયર સિવિલ જજ સાહેબશ્રી, વડોદરાનાંઓ દ્વારા નીચે મુજબનોં હુકમ કરેલ છે. "**1.**The plaintiff, the defendant No-1,2,3,7 and their advocate remain present before me and placed consent term. I have explain the parties the contention made in consent term and they are admitted the same without any pressure and influence and they have signed the consent term before me. On behalf of defendant No.4, the defendant No.3 has signed as a power of attorney holder. The copy of the power of attorney is produced herewith vide mark 11/1. In the consent term it is declared by they do not pray for any ask any relief against the defendant No. 5 to 7 in respect of property. I am satisfied with the consent term, hence, it is hereby recorded. **2.** Decree to be draw as per consent term."

ઉપરોકત કરારદાદ તળે હુકમનામું તા.૦૪/૦૪/૨૦૧૨ નાં રોજ કરવામાં આવેલ જેની સામે વાદી દ્વારા પરચુરણ દિવાની અરજી નં–૧૮૦/૨૦૨૩ કે જે તા.૦૬/૦૫/૨૦૨૩ નાં રોજ દાખલ કરેલ છે. જેથી વાદી દ્વારા ૧૧ વર્ષ બાદ હુકમનામા સામે દિવાની પરચુરણ અરજી કરેલ છે અનેં ત્યારબાદ હાલનોં દાવો તા. ૦૭/૦૨/૨૦૨૪ નાં રોજ કરવામાં આવેલ છે. જેથી અગાઉ કરેલ દાવો અનેં હાલનાં દાવામાં દર્શાવેલ દાવાવાળી મિલ્કત રે.સ.નં–૩૩૨ પૈકી ૧ વાળી એક જ મિલ્કત છે જે દર્શાવે છે કે વાદીએ ૨૦૧૨ માં કરેલ કરારદાદ બાદ તે જ મિલ્કત અંગે હાલનોં દાવો નવું કારણ દર્શાવી કરેલ છે.

(પ.૪) વાદી ધ્વારા હાલની દાવા અરજીમાં પેરા–૧૩ માં જે દાવાવાળી મિલ્કત બતાવેલ છે તેમાં વડોદરાનાં મોજે તાંદલજાનાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧, ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ નોં ઉલ્લેખ છે અનેં અત્રે રસપ્રદ હકિકત એ છે કે વાદી ધ્વારા સદર મિલ્કત સાથે "મોજે સૈયદવાસણા, રાજાવાડા ફળીયામાં આવેલ મકાન" નોં પણ ઉલ્લેખ કરેલ છે. વાદી ધ્વારા દર્શાવેલ સદર મકાન વડીલોપાર્જીત હોય કે મૈયત ગોરધનભાઈ મોતીભાઈની માલીકીનું હોય તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં વાદી ધ્વારા જયારે અગાઉ વહેંચણી અંગે દાવો કરેલ ત્યારે સદર મકાન અંગે કોઈ ઉલ્લેખ કરેલ નથી અનેં તે બાબતે અત્રે કોઈ ખુલાસો પણ કરેલ નથી. વધુમાં વાદી ધ્વારા હાલનાં દાવામાં સદર મકાનની કોઈ સરકારી રેકર્ડ પરની વિગત કે વર્ણન કે તે મકાન કોના કબ્જામાં છે તેવી કોઈ બાબત પણ રજુ કરલ નથી. વાદી ધ્વારા અગાઉનાં સ્પે. દિ.મુ.નં–૧૭૭/૨૦૧૨ માં ખેતીની જમીન મોજે તાંદલજાનાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧, ક્ષેત્રફળ ૦–૯૬–૧૧ માં પોતાનોં હકક સ્વૈચ્છાએ જતો કરેલ હોવા છતાં હાલનાં દાવામાં તેનેં દાવાવાળી મિલ્કત બતાવેલ છે અનેં તે સાથે એક લીટીમાં માત્ર "મોજે સૈયદવાસણા, રાજાવાડા ફળીયામાં આવેલ મકાન" નોં ઉલ્લેખ કરી દીધેલ છે, જે દર્શાવે છે કે વાદીની દાવા અરજીનેં કાયદાનાં પ્રબંધોથી બચાવવા ચતુરાઈપૂર્વક તૈયાર કરવામાં આવેલ છે. વાદીની સમગ્ર દાવા અરજી વંચાણે લેવામાં આવે તો, મુળ વાદી કલાવતી ઉર્ફે કૈલાશબેન જયંતિભાઈ પટેલની પત્ની તે ગોરધનભાઈ મોતીભાઈ પટેલની દિકરી તરીકે અગાઉનાં દાવામાં તથા હાલનાં દાવામાં સહી કરેલ છે જે દર્શાવે છે કે વાદી વાંચવા અનેં સહી કરવા સક્ષમ હતા ત્યારે પોતે અભણ હોવાનું કોઈ કારણ નથી. જયારે કરારદાદનું હુકમનામું

કરવામાં આવેલ ત્યારે વાદીનાં વિ.વ.શ્રી પણ હાજર હોવાનું નામ. કોર્ટ દ્વારા નોંધેલ છે જેથી અરજદાર તે કરારદાદથી વાકેફ ન હોય કે વાંચેલ ન હોય તેવું માની શકાય નહીં. વધુમાં અગાઉનાં સ્પે.દિ.મુ.નં –૧૭૭/૨૦૧૨ માં વાદી દ્વારા સંમતિ આપેલ હોવાનું પણ નામ. કોર્ટ દ્વારા કરારાદાદનાં હુકમમાં નોંધેલ છે તથા તે દાવામાં કરારદાદ મુકવામાં આવેલ જે પક્ષકારોનેં સમજાવવામાં આવેલ હોવાનોં પણ હુકમમાં ઉલ્લેખ છે ત્યારે વાદીએ હાલનાં દાવા પેરા–૭, પાન નં–૮ ઉપર એવું જણાવેલ છે કે, *"ખરેખર અમો વાદી એ કહેવાતા સ્પે.દિ.મુ.નં–૧૭૭/૧૨ નાં દાવામાં રે.સ.નં–૩૩૨ પૈકી ૧ વાળી જમીનમાંથી કદી પણ અમારા હકક છોડવા બદલનાં લખાણો કરી આપેલા નથી કે કદી અમારો હકક જતો કરેલ નથી"* તે હકિકત રેકર્ડથી વિરોધનીં અનેં ખોટી છે. આ તબકકે સી.પી.સી. ઓર્ડર–૨૩, રૂલ–૩(એ) વંચાણે લેવામાં આવે તો, 3A. Bar to suit.- No suit shall lie to set aside a decree on the ground that the compromise on which the decree is based was not lawful.

વાદી દ્વારા દાવો એવી રીતે તૈયાર કરેલ છે કે પરોક્ષ રીતે અગાઉ સ્પે.દિ.મુ.નં–૧૭૭/૧૨ માં થયેલ હુકમનામાનેં પડકારેલ છે જેથી વાદીનીં દાવા અરજીનેં સી.પી.સી. ઓર્ડર–૨૩, રૂલ–૩(એ) નાં પ્રબંધોનોં બાધ નડે છે.

(૫.૫) વાદીનીં સમગ્ર દાવા અરજી દાવા કારણ સંદર્ભે વંચાણે લેવામાં આવે તો, નિ.૪/૫ કે જે તા.૨૫/૦૨/૨૦૨૨ નાં રોજ ગામ નમુના નં–૬ માં પાડવામાં આવેલ હકક કમીનીં નોંધ નં–૪૬૭૯ છે તે દાખલ થવાથી સ્પે.દિ.મુ.નં–૧૭૭/૧૨ નાં કરારદાદી હુકમનામા અન્વયે વાદીનું નામ કમી થયેલ છે. વધુમાં દાવા અરીજમાં એવું

બતાવેલ છે કે, દાવાવાળી મિલ્કત વેંચાણ કરવા તા.૨૪/૦૧/૨૦૨૩ નાં રોજ દૈનિક પેપરમાં નોટીસ પ્રસિધ્ધ થયેલ અનેં તા. ૨૧/૦૨/૨૦૨૩ નાં રોજ પ્રતિવાદી નં–૧૭ થી ૧૯ નીં તરફેણમાં રજી. વેંચાણ દસ્તાવેજ નં–૩૬૩૯/૨૦૨૩ નોંધાવેલ. સદર બંને હકિકત જોવામાં આવે તો, જયારે વાદી ધ્વારા નામ. કોર્ટ સમક્ષ સ્પે.દિ.મુ.નં–૧૭૭/૧૨ ના કામે તા.૦૪/૦૪/૨૦૧૨ ના રોજ સંમતિથી કરારદાર કરેલ અનેં હકક જતો કરેલ ત્યારથી વાદીનોં હકક દાવાવાળી મિલ્કત પર રહેતો નથી અનેં તે હુકમનીં નોંધ રેવન્યુ રેકર્ડમાં વર્ષ ૨૦૨૨ માં પડેલ અનેં તેનાં આધારે વેંચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હોવાથી વાદીનેં દાવો કરવા કાયદેસર કારણ ઉપસ્થિત થતું હોવાનું ગણી શકાય નહીં. વાદી ધ્વારા દાવા અરજીમાં જે હકિકતોનેં કારણ તરીકે બતાવેલ છે તે આભાસી, ઉભુ કરેલ અનેં ચતુરાઈપૂર્વકનાં ડ્રાફટીંગ નાં આધારે છે અનેં તેનેં વાસ્તવીક કાયદેસર કારણ તરીકે ગણી શકાય નહીં.

(૫.૬) નામ. માનવંત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Maharaj Shri Manvendrasinhji Ranjitsinhji Jadeja Versus Rajmata Vijaykunverba Wd/o Late Maharaja Mahendrasinhji, 1998 (0) AIJEL-HC 207149 નાં ચુકાદામાં કોઝ ઓફ એકશન બાબતે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. આ ઉપરાંત **Mukeshbhai Bachubhai Patel Versus Pushpaben W/o Chankalchand Vacheta, 2025 (0) AIJEL-HC 252010** નાં ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, It is a settled principle of law that when a plaint discloses no genuine cause of action but only creates an illusion of one through artful drafting, the same is liable to be rejected under Order VII Rule 11(a) of the Code of Civil

Procedure. The Court must not permit the process of law to be misused to reopen transactions that are conclusively completed and acted upon, particularly when the Plaintiffs have themselves participated in those very transactions. Here, the allegations of fraud and inducement are wholly vague, unsupported by any particulars as required under Order VI Rule 4 of the CPC, and are raised only to camouflage the true nature of the claim, which is barred both by limitation and settled legal principles. (PARA-63)
In such circumstances, allowing the suit to proceed would be an abuse of the judicial process and contrary to the intent of Order VII Rule 11(d), which empowers the Court to "nip in the bud" vexatious and meritless litigation that is founded upon illusory causes of action. The Courts are not required to conduct a fullfledged trial where, from the face of the plaint itself, it is evident that no actionable right survives. The present plaint, therefore, fails to disclose any real or legally sustainable cause of action and stands squarely barred by law. It thus deserves to be rejected at the threshold, sparing the parties unnecessary litigation and safeguarding the sanctity of judicial time. (PARA-63)

સદર પ્રસ્થાપિત સિધ્ધાંતનેં હાલનાં કેસની હકિકત સાથે માનપૂર્વક વંચાણે લેવામાં આવે તો, વાદી ધ્વારા નામ. કોર્ટ સમક્ષ સ્પે.દિ.મુ.નં–૧૭૭/૧૨ માં કરારદાદ સમયે શરતો કબુલ કરેલ અનેં પોતાનોં હકક દાવાવાળી મિલ્કતમાંથી જતો કરેલ હોવા છતાં રેવન્યુ રેકર્ડ અનેં વેંચાણ દસ્તાવેજ થયેલ એટલે દાવા અરજીનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું બતાવેલ છે તે માત્ર આભાસી અનેં ઉભું કરેલ

કારણ છે. <u>જેથી વાદીનીં દાવા અરજીનેં સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) નોં બાધ નડે છે.</u>

(૫.૭) કોઈપણ દાવા અરજીનેં માત્ર કાયદાનાં પ્રબંધો એટલે કાયદામાં ઉલ્લેખ કરેલ હોય તે માત્ર નહીં પરંતુ નામ. હાઈકોર્ટ કે સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાનેં પણ કાયદાનોં જ ભાગ ગણી તેમણે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ પણ દાવા અરજી કાયદાથી બાધિત હોવાનું ગણી રીજેકટ કરી શકાય. જે અંગે નામ. માનવંત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **<u>Hermes Marines Limited Versus Capeshore Maritime Partners Fzc, 2016 (3) GLR 2393</u>** નાં ચુકાદામાં પેરા–૫૩ માં પ્રસ્થાપિત કરેલ છે કે, As discussed earlier, the word `law' as occurring in Order 7 Rule 11(d) would also mean judicial precedent. If the judicial precedent bars any action, that would be the law.

જેથી વાદીનીં દાવા અરજી અન્વયે સી.પી.સી ઓર્ડર–૨૩, રૂલ–૩(એ) નાં પ્રબંધો ધ્યાનેં લેવામાં આવે છે, ઉપરાંત નામ.માનવંત સર્વોચ્ચ અદાલત ધ્વારા **<u>Manjunath Tirakappa Malagi Versus Gurusiddappa Tirakappa Malagi (Dead Through Lrs), 2025 (0) AIJEL-SC 75109</u>** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ તે માનપૂર્વક વંચાણે લેતાં તે નીચે મુજબ છે. 11. Also, a compromise decree cannot be challenged by filing a fresh suit as there is a bar on filing a fresh suit challenging the consent decree on the ground of the legality of the compromise under Order 23 Rule 3A of CPC, which reads as follows: " **3-A. Bar to suit.—** No suit shall lie to set

aside a decree on the ground that the compromise on which the decree is based was not lawful."

12. The only remedy against a compromise decree is to file a recall application. This Court in **Pushpa Devi Bhagat v. Rajinder Singh, (2006) 5 SCC 566** summed up the position of law as follows:

"17. The position that emerges from the amended provisions of Order 23 can be summed up thus: (i) No appeal is maintainable against a consent decree having regard to the specific bar contained in Section 96(3) CPC. (ii) No appeal is maintainable against the order of the court recording the compromise (or refusing to record a compromise) in view of the deletion of clause (m) of Rule 1 Order 43. (iii) No independent suit can be filed for setting aside a compromise decree on the ground that the compromise was not lawful in view of the bar contained in Rule 3-A. (iv) A consent decree operates as an estoppel and is valid and binding unless it is set aside by the court which passed the consent decree, by an order on an application under the proviso to Rule 3 Order 23.

Therefore, the only remedy available to a party to a consent decree to avoid such consent decree, is to approach the court which recorded the compromise and made a decree in terms of it, and establish that there was no compromise. In that event, the court which recorded the compromise will itself consider and decide the question as to whether there was a valid compromise or not. This is so because a consent decree is nothing but contract between parties superimposed with the seal of approval of the court. The validity of a

consent decree depends wholly on the validity of the agreement or compromise on which it is made…” (Emphasis Provided)

Thus, even if we accept the contention of the appellants that their father was coerced by his brothers and father (appellants' grandfather) to enter into a compromise, which led to the passing of the consent decree, a fresh suit is still not a valid remedy. In that situation, the appellants' father should have filed a recall application before the Court that had passed the decree. The appellants' father has never done so! Moreover, he had admitted the consent decree and never questioned its validity.

નામ.માનવંત ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Late Chhotabhai Nathabhai Patel Versus Dilipbhai Shantilal Thanki, 2023 (0) AIJEL-HC 247829** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ તે માનપૂર્વક વંચાણે લેતાં તે નીચે મુજબ છે. 6. In the present case, as the applicants want to contend that the decree passed by the court below upon tendering of compromise between the parties was bad as the same was passed upon fraudulent acts of the other parties, the applicants will have to approach the same court, which could set aside the consent decree upon evidential merits, and by proving the case about fraud, misrepresentation etc..

6.1 Therefore, for setting aside the consent decree which was passed uncontested, the remedy is not of instituting separate suit to set aside such decree. Nor independent appeal is maintainable in law.

જેથી ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો માનપૂર્વક હાલની દાવા અરજી સાથે વંચાણે લેવામાં આવે તો વાદીની દાવા અરજીનેં કાયદાનાં પ્રબંધોનોં સ્પષ્ટ બાધ નડે છે. સબબ વાદીની દાવા અરજીનેં સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) નોં બાધ નડે છે.

(૫.૮) પ્રતિવાદી નં–૧૭ થી ૧૯ તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલનાં સમર્થનમાં બે ચુકાદાઓ પર આધાર રાખેલ છે જે પૈકી નામ. માનવંત સર્વોચ્ચ અદાલતે **Sree Surya Developers and Promoters Vs. N.Sailesh Prasad with Raja Pushpa Properties Pvt. Ltd. Vs. N.Sailesh Prasad, 2022(0) AIJEL-SC 68357** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, If we consider the reliefs of declaration of title, recovery of possession, cancellation of revocation of Gift Deed, declaration for DGPA and Deed of Assignment-cum-DGPA, the said reliefs can be granted only if the Compromise Decree dated 13.01.2016 passed in O.S. No.1750 of 2015 is set aside. Therefore, by asking such multiple reliefs, the plaintiff by clever drafting wants to get his suit maintainable, which otherwise would not be maintainable questioning the Compromise Decree. All the aforesaid reliefs were subject matter of earlier suits and thereafter also subject matter of O.S. No.1750 of 2015 in which the Compromise Decree has been passed. Therefore, it is rightly held by the Trial Court that the suit in the present form and for the reliefs sought would be barred under Order XXIII Rule 3A CPC and therefore the Trial Court rightly rejected

the plaint in exercise of powers under Order VII Rule 11(d) of the CPC... (PARA-11)

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત માનપૂર્વક વંચાણે હાલનાં કેસમાં વાદીનીં દાવા અરજીમાં પણ પરોક્ષ રીતે કરારદાદી હુકમનામનેં પડકારેલ છે અનેં આભાસી કારણ ઉભું કરી દાવો દાખલ કરેલ છે. જેથી વાદીનીં દાવા અરજીનેં સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) અનેં (ડી) નોં બાધ નડે છે.

(૬) આમ, વાદીનીં દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ અંગે સી.પી.સી ઓર્ડર–૭, રૂલ–૧૧ નાં પ્રબંધોનેં ઉપરોકત કારણો સાથે વંચાણે લેતાં વાદીનીં દાવા અરજી દાખલ કરવા વાસ્તવિક કાયદેસર કારણ ઉપસ્થિત થયેલ નથી તથા વાદીનીં દાવા અરજીનેં કાયદાનાં પ્રબંધોનોં બાધ નડતો હોય ઉપસ્થિત થયેલ ઉપરકોત મુદદાનોં જવાબ '**હકાર**'માં આપી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

–: હુકમ :–

(૧) પ્રતિવાદીઓ તરફે રજુ આંક–૨૫ તથા ૨૭ નીં અરજીઓ ખર્ચસહ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદીની દાવા અરજીનેં કાયદાનાં પ્રબંધોનોં બાધ નડતો હોય તથા દાવા અરજીનું વાસ્તવિક કાયદેસરનું કારણ ઉપસ્થિત થતું ન હોય, સી.પી.સી. ઓર્ડર.૭, રુલ–૧૧ (એ) અનેં (ડી) હેઠળ દાવા અરજી રીજેકટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

(૪) વાદીએ પોતાનોં ખર્ચ જાતે ભોગવવો તથા પ્રતિવાદીઓનોં ખર્ચ પણ વાદીએ ભોગવવાનોં હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

વડોદરા (ચિરાગ વામનરાય ભટ્ટ)

તા. ૧૪/૦૮/૨૦૨૬ ૨૨ માં અધિક સિનિયર સિવિલ જજ, વડોદરા

(આર.આઈ.અમીન) ગુજરાતી સ્ટેનો કોડ નં.જીજે ૦૧૩૯૫